રામજી રવજી લાલન કોલેજ

અસાઈનમેન્ટ - 2025

નામ :- જોષી નકુલ હિતેશભાઈ

રોલ નં :- 106

PNR નં :- COC 2025155

સેમ :- 6

વિષય :- અર્થશાસ્ત્ર

પેપર કોડ :- MJ-BAF-102

પેપરનું નામ :- Banking and Finance - II

સહિ :-

નકલ બંધી



(2) આર. બી. આઈની નાણાંકિય નીતી સમજાવો.

## * પ્રસ્તાવના :-

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ભારતની કેન્દ્રીય બેંક છે. જે 1935માં સ્થાપિત થઈ હતી. તેનું મુખ્ય કાર્ય ભારતની આર્થિક સ્થિરતા જાળવવાનું છે. જેમાં નાણાકીય નીતિ એક મહત્વપૂર્ણ ભાગ છે. નાણાકિય નીતિ દ્વારા RBI આર્થિક વૃદ્ધિ, મોંઘવારી ના નિયંત્રણ રોજગારી અને નાણાકીય ક્ષેત્રની સ્થિરતા પર અસર કરે છે. આ નીતિને RBIની મોનિટરી પોલિસી કમિટી દ્વારા નક્કી કરવામાં આવે છે, જે 2016માં સ્થાપેલી છે. અને તેમાં 6 સભ્યો હોય છે. નાણાકીય નીતિ એ એક એવા સાધનોનો સમૂહ છે જેનો ઉપયોગ રાષ્ટ્રની મધ્યસ્થ બેંક દ્વારા એકંદર નાણાં પુરવઠાને નિયંત્રિત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

## * નાણાકિય નીતિનો અર્થ :-

→ અર્થશાસ્ત્રના સિદ્ધાંત મુજબ નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ.

→ નાણાંની માંગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે.

→ આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંના મુલ્યને અસર પહોંચે છે તથા અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે. તેના માટે તેના પર નિયંત્રણ ખુબ આવશ્યક છે. તે નિયંત્રણ માટેની નીતિ એટલે નાણાકિય નીતિ.

નકુલ મેથી

(8)

Page 2
Date

# * નાણાકીય નીતિની વ્યાખ્યા :-

"નાણાકીય સત્તા દ્વારા લેવાયેલાં એવાં સમાન પગલાં જે નાણાંના જથ્થા, ઉપલબ્ધી અને નાણાંના ખર્ચમાં પરિવર્તન લાવે."

- પ્રો. એસ. બી

"સામાન્ય આર્થિક નીતિના હેતુઓ સિદ્ધ કરવા માટે સર્વોચ્ચ બેન્કના દ્રવ્યક નાણાંના પુરવઠાને અંકુશિત કરવામાં સાધનો સોંપતી નીતિ એટલે નાણાકીય નીતિ."

- પ્રો. જે. બી

# * નાણાકીય નીતિના પ્રકારો :-

1. વિસ્તારવાદી નાણાકિય નીતિ
2. સંકોચવાદી નાણાકીય નીતિ
3. તટસ્થ નાણાકીય નીતિ

## 1. વિસ્તારવાદી નાણાકીય નીતિ :-

→ વિસ્તારવાદી નાણાકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક વૃદ્ધિ વધારવા બેરોજગારી ઘટાડવાનો અને મંદી દૂર કરવાનો છે.

→ તેમાં રિપો રેટ ઘટાડો, CRR / LR, OMO, રિવર્સ રિપો જેવા સાધનોનો સમાવેશ થાય છે.

→ ઉ.દા. COVID-19માં રિપો રેટ 4.00% સુધી ઘટાડ્યો, CRR 3% કર્યો વગેરે વિસ્તારવાદી નાણાકીય નીતિ છે.

2. સંકોચવાદી નાણાકીય નીતિ :-

→ સંકોચવાદી નાણાકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય મોંઘવારી નિયંત્રણ, અર્થતંત્રને "ઓવરહીટ" થવાથી બચાવવાનું છે. જેના પરિણામે અર્થતંત્રમાં નિયંત્રણ બની રહે છે.

3. તટસ્થ નાણાકીય નીતિ :-

→ તટસ્થ નાણાકીય નીતિ મોંઘવારી અને વૃદ્ધિ વચ્ચે સંતુલન કરવાનું છે.

* નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશ્યો :-

1) મોંઘવારી નિયંત્રણ :-

→ RBI નો પ્રાથમિક ધ્યેય 4% મોંઘવારી જાળવવાનો છે, જેની ±2% ટોલરન્સ છે. આ 2016ના નાણાકીય નીતિ ફ્રેમવર્ક હેઠળ નક્કી થયું છે.

2) આર્થિક વૃદ્ધિ :-

→ GDP વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનું ધ્યેય પણ નાણાકીય નીતિનું છે.

3] નાણાકીય સ્થિરતા :-

→ બેંકોમાં મૂડીની પર્યાપ્તતા, લિક્વિડિટી અને નાણાકીય ક્ષેત્રનું જોખમ ઘટાડવાનું પણ મુખ્ય ધ્યેય છે.

4] રોજગારી અને વિનિમય દર :-

→ તેનું મુખ્ય ધ્યેય રોજગારી વધારવાનો અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવાનો પણ છે.

* નાણાકીય નીતિના સાધનો :-

→ નાણાકીય નીતિમાં મુખ્ય સાધનો નીચે મુજબ છે.

નાણાકીય નીતિના સાધનો

1. પરિમાણાત્મક સાધનો
2. ગુણાત્મક સાધનો
3. અન્ય

1. પરિમાણાત્મક સાધનો :-

→ પરિમાણાત્મક સાધનો સમગ્ર અર્થતંત્ર પર એકસરખી અસર પહોંચાડે છે.

→ આ સાધનોને સામાન્ય સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ પરિમાણાત્મક સાધનોમાં સમાવિષ્ટ બાબતો નીચે મુજબ છે.

1. રેપો રેટ
2. રિવર્સ રેપો રેટ
3. કેશ રિઝર્વ રેશિયો
4. સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો
5. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી

1) રેપો રેટ :

→ RBI બેંકોને ટૂંકા ગાળાની લોન આપે છે તેના પરનો વ્યાજ દર, બેંક તેમની સિક્યોરિટીઝ RBI ને ગીરવે મૂકીને લોન લે છે.

→ તેનાથી મોંઘવારી નિયંત્રણ અને વ્યાજ દરોનું નિર્ધારણ થાય છે.

2) રિવર્સ રેપો રેટ :

→ RBI બેંકો પાસેથી અતિરિક્ત નાણાં લે છે, તેના પરના વ્યાજ-દરને રિવર્સ રેપો રેટ કહે છે.

3) કેશ રિઝર્વ રેશિયો :

→ બેંકોએ તેમની જમા રકમનો ટકા RBIમાં રોકડમાં જમા રાખે છે, તે કેશ રિઝર્વ રેશિયો છે.

4) સેક્યુરી લિકિવડિટી રેશિયો :-

→ બેંકોએ તેમની નેટ ડિમાન્ડ એન્ડ ટાઈમ લાયબિલિટી નો ટકો સરકારી બોન્ડ્સ, ગોલ્ડ વગેરેમાં રાખવો.

5) માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી :-

→ તમાં બેંકો ઇમરજન્સીમાં રિપો રેટ અને તે ઉપરાંત 0.25% પર RBI પાસેથી લોન લઈ શકે છે.

* ગુણાત્મક સાધનો :-

→ આ સાધનો ક્રેડિટના વિતરણને નિયંત્રિત કરે છે અને ચોક્કસ સેક્ટર પર અસર કરે છે.

→ ગુણાત્મક સાધનોમાં નીચે બાબતો સમાવિષ્ટ છે.

1. ઓપન માર્કેટ ઓપરેશન્સ
2. માર્જિનલ રિક્વાયર્મેન્ટ્સ
3. મોરલ સુઆશન
4. ક્રેડિટ રેશનિંગ

નકજોથી

Page 7
Date

1) ઓપન માર્કેટ ઓપરેશન્સ :-

→ તેમાં RBI સરકારી બોન્ડ્સ ખરીદ અને વેચાણ કરતી હોય છે.

2) માર્જિનલ રિક્વાયર્મેન્ટ્સ :-

→ તેમાં ક્લોઝ લોન પર ગીરવે મૂકવાની રકમ વધારવામાં આવે છે.

3) મોરલ સુઝેશન :-

→ તેમાં RBI બેંકોને સલાહ અને દબાણ આપવાનું કાર્ય કરે છે.

4) ક્રેડિટ રેશનિંગ :-

→ તેમાં RBI સેક્ટર્સ સેક્ટરો માટે ક્રેડિટ મર્યાદા નક્કી કરે છે.

* અન્ય સાધનો :-

1. લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી
2. ટર્મ રિપો ઓપરેશન્સ
3. વેરિએબલ રેટ રિપો

## * મોનેટરી પોલિસી કમિટી :-

=> **રચના :-**

→ તેમાં ગવર્નર, ડેપ્યુટી ગવર્નર અને 4 નિષ્ણાતો એમ 6 સભ્ય હોય છે.

=> **બેઠકો :-**

→ વર્ષમાં 6 વખત, જેમાં નાણાકીય નીતિના રિઝોલ્યુશન પર મતદાન થાય છે.

=> **સંકલિત નિર્ણય પ્રક્રિયા :-**

→ મોંઘવારી ઇન્ફ્લેશન ટાર્ગેટિંગ પર આધારિત, જેમાં આર્થિક ડેટા વિશ્લેષણ કરવામાં આવે છે.

=> **અપરવૃદ્ધિ :-**

→ 2025 સુધીમાં, MPC ની બેઠકોમાં મોંઘવારી અને વૈશ્વિક અસરો પર ધ્યાન કેન્દ્રિત થયું છે.

## * નાણાકીય નીતિની અસરો :-

1] **આર્થિક વૃદ્ધિ :-**

→ વ્યાજદર ઘટાડીને અને પૈસાનો પુરવઠો વધારીને રોકાણ અને ખર્ચ વધે છે, જેનાથી GDP વૃદ્ધિ થાય છે.

નફા જોખમ



→ વ્યાજદર વધારીને ખર્ચ અને રોકાણ ઘટાડે છે, જે વૃદ્ધિને ધીમી પાડી શકે છે.

2) ફુગાવો :-

→ નીચા વ્યાજદરથી માંગ વધે છે અને ઊંચા વ્યાજદરથી માંગ ઘટે છે જેનાથી ફુગાવા વધે છે અને નિયંત્રણમાં આવે છે.

3) બેરોજગારી :-

→ વિસ્તરણકારી નીતિથી વ્યવસાયો વધુ રોકાણ કરે છે, જેનાથી નોકરીઓ વધે છે અને બેરોજગારી ઘટે છે.

4) વિનિમય દર :-

→ ઊંચા વ્યાજદરથી વિદેશી મૂડી આકર્ષાય છે, જેનાથી રૂપિયો મજબૂત થાય છે.

5) રોકાણ અને બચત :-

→ નીચા વ્યાજદરથી લોન સસ્તી થાય છે, જે રોકાણને પ્રોત્સાહન આપે છે.

→ ઊંચા વ્યાજદરથી બચત વધે છે, પરંતુ રોકાણ ઘટે છે.

6) બેંકિંગ અને નાણાકીય સ્થિરતા :-

→ CRR, SLR જેવા સાધનોથી બેંકોની લિક્વિડિટી નિયંત્રણ થાય છે.

## * ઉપસંહાર :-

ઉપરોક્ત મુદ્દાઓમાં આપણે RBI ની નાણાકિય નીતિની ચર્ચા કરી. નાણાકિય નીતિ બનાવવા પાછળનો મુખ્ય હેતુ વિકાસ સાધવાનો છે. ઉપરોક્ત મુદ્દાઓ પરથી તારવી શકાય કે નાણાકિય નીતિથી સતત વિકાસ જોવા મળે છે.